P G V C L

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોનઃ ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સઃ ૦૨૮૩૨–૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/૨૦૧૮/47 તારીખઃ 03 FEB 2018

રજી.એ.ડી દ્વારા

પ્રતિ,

શ્રી વાલજી મુલજી માતંગ,

મોટી રાયણ ,

માંડવી

તા: માંડવી જી. કચ્છ

વિષય :– કેસ નંબર પીજી ૦૩/૦૧૪/૨૦૧૭-૧૮

સંદર્ભ:– આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૧૪/૨૦૧૭-૧૮

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(જે વિ ચૌહાણ)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ,વર્તુળ કચેરી, ભુજ

(૨) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, માંડવી

(૩)નાયબ ઈજનેર,પીજીવીસીએલ,પેટાવિભાગીય કચેરી, માંડવી રૂરલ .

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

ગ્રાહક તકરાર નિવારણફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામ, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-003-014-2017-18.**

અરજદાર: વાલજી મુરજી માતંગ.
ગામ: મોટી રાયણ તા: માંડવી જી. કચ્છ

રજૂઆત કરનાર: વાલજી મુરજી માતંગ

::વિરુધ્ધ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી
રજૂઆત કરનાર: શ્રી એસ ડી જોષી, ઈ.કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર
૩) શ્રી પી આર વ્યાસ, ટેકનીકલ મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ. હૉલ, પી.જી.વી.સી.એલ.,વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૧૯.૧.૨૦૧૮

::અરજદારની રજૂઆત::

૧. અરજદારે છેલ્લા ત્રણ વિજબીલ ભરેલ હોવા છતાં દર વિજબીલમાં વિલંબિત ચાર્જ માં બાકી રકમ આવે છે તે માફ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨. સદર કેસની વિગત નીચે મુજબ છે.

૨.૧ શ્રી વાલજી મુરજી માતંગ ગ્રાહક નં ૩૮૯૨૧/૦૧૧૦૯/૮ રહેણાક નાવીજ જોડાણ ધરાવે છે.

૨.૨ માસ મે-જુન બાકી આવેલ રકમ રૂ ૫૮.૮૮, માસ જુલાઈ-ઓગસ્ટ બાકી રકમ રૂ.૧૪૮.૫૬ માસ સપ્ટે-ઓક્ટોબર બાકી રકમ રૂ ૭૬.૧૧ દર માસે વિલંબિત ચાર્જ માં આવે છે



Scanned by CamScanner

૩. અરજદારને સીજીઆરએફથી અગાઉ બે વખત હાજર રહેવા જણાવવામાં આવેલ છે પરંતુ અરજદાર સીજીઆરએફ સમક્ષ ઉપસ્થિત રહેલ નથી. તારીખ ૧૯.૧.૧૮ ના અંતિમ મુદત પાઠવવામાં આવેલ છે.જેમાં તેઓ રૂબરૂમાં હાજર રહેલ છે.

:: પીજીવીસીએલની રજુઆત::

૪. સુનાવણી સમયે સામાવાળા શ્રી એસ ડી જોષી, કા.કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી રૂબરૂમાં હાજર રહેલ અને જણાવેલ કે,

૪.૧ કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવીના રીપોર્ટ મુજબ ઉપરોક્ત રકમ ઉજાલા બલ્બના હપ્તાની રકમ જીયુવીએનએલ દ્વારા ગ્રાહકશ્રીના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

૪.૨ નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, માંડવી રૂરલ એ અરજદારને પત્ર ક્રમાંક રેવ/સીજીઆરએફ/૧૭/૫૮૩૮ તા.૨૧.૧૨.૧૭ થી અરજદારને જણાવવામાં આવેલ છે. રકમ વસુલાત તથા લેવા પાત્ર ન હોય તો મજરે આપવામાં આવશે.

૪.૩ કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી પત્રક્રમાંક એમડીઓ/રેવ/સીજીઆરએફ/૧૮/૪૯૩ તા.૨૪.૧.૧૮ થી જણાવે છે કે અરજદારશ્રી ના કનેક્શન મે-જુન બીલ્ડ ઇન જુલાઈ-૨૦૧૭ માં બિલ આપવામાં આવેલ તેમાં યુનિટના રૂ.૧.૭૧ મુજબ ફયુલ ચાર્જ લગાડવામાં આવેલ છે. હકીકતમાં જુન-૧૭ સુધી યુનિટના રૂ.૧.૮૦ મુજબ ફયુલ ચાર્જ વસુલવાનો થતો હતો. જે તફાવતના ૦.૦૯ પૈસા લેખે રૂ.૩૫.૨૮(૩૯૨ યુનિટ x ૦.૦૯ પેસા) તેમજ ફયુલ ચાર્જની તફાવતની રકમ રૂ.૩૫.૨૮ ઉપર ૭.૫ લેખે, રૂ.૨.૬૫ ઈલે.ડ્યુટીના સહિત રૂ.૩૭.૯૩ રકમ સદર ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

૪.૪ ફયુલ ચાર્જની તફાવતની તેમજ તેના ઉપર ઈલે.ડ્યુટી ચાર્જ સહિતની રકમ હોઈ ભરવાપાત્ર થાય છે. સદર બાબત અરજદારશ્રીને ઉપરોક્ત પત્ર તેમજ રૂબરૂમાં સમજાવેલ છે. જે બદલ અરજદારશ્રીએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરિયાદનું નિરાકરણ આવી ગયેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી.

::હુકમ::

૫. ફરીયાદી કે તેમના પ્રતિનિધિશ્રી તારીખ ૨૨.૧૨.૧૭ અને ૧૨/૦૧/૨૦૧૮ ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિ કે મુદત મળવા બાબત કોઈ રૂબરૂ કે લેખિત અરજી ફોરમ સમક્ષ કરેલ નહિ, આમ છતાં ન્યાયના હિતમાં ફરિયાદીને તેમની રજૂઆતની પુરતી તક આપવાના હેતુથી વધુ મુદત તારીખ ૧૯/૧/૨૦૧૮ આપવામાં આવેલ જેમાં અરજદારશ્રી રૂબરૂમાં હાજર રહેલ.



Scanned by CamScanner

૫.૧ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ના આધારે નીચે મુજબ નાં તારણ પર આવી શકાય

૫.૨ અરજદારની રૂબરૂમાં સાંભળતા જાણવા મળેલ કે શ્રી વાલજી મુરજી માતંગ ગ્રાહક નં ૩૮૯૨૧/૦૧૧૦૯/૮ના છેલ્લા ત્રણ થી ચાર વિજબીલ માં ઉજાલા બ્લલની રકમ ઉપરાંત ઈલે.ડ્યુટી ની બાકી રકમ તથા ફ્યુઅલ ચાર્જ ના તફાવતની રકમ વિજબીલમાં વિલંબિત ચાર્જના ખાનામાં આવે છે. સદર બાબત રૂબરૂમાં અરજદારશ્રીને જણાવવામાં આવેલ છે. ફયુલ ચાર્જની તફાવતની તેમજ તેના ઉપર ઈલે.ડ્યુટી ચાર્જ સહિતની રકમ હોઈ ભરવાપાત્ર થાય છે. સદર બાબત કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, માંડવી દ્વારા અરજદારશ્રીને પત્રક્રમાંક એમડીઓ/રેવ/ સીજીઆરએફ /૧૮/૪૯૩ તા.૨૪.૧.૧૮ થી જણાવેલ છે તેમજ રૂબરૂમાં સમજાવેલ છે. જે બદલ અરજદારશ્રીએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરિયાદનું નિરાકરણ આવી ગયેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી. આ કેસમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ તથા ફરીયાદીએ સંમતીપત્ર લખી આપેલ હોઈ આ ફરિયાદ નિકાલ કરવામાં આવે છે.

૬. આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| પી આર વ્યાસ | એન એચ જોષી | જે.બી. પારેખ |
| ટેકનીકલ મેમ્બર | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner